દાખલ તારીખ : ૦૬/૦૧/૨૦૨૬

નોંધ્યા તારીખ : ૦૬/૦૧/૨૦૨૬

**ફેંસલ તારીખ : ૧૬/૦૩/૨૦૨૬**

સમયગાળો : વર્ષ–માસ–દિવસ

૦૦–૦૨ – ૧૦

**************************************************

**સમીના મે.એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમા, મુ.સમી.**

**************************************************

**ફોજદારી કેસ નંબર : ૧૯/૨૦૨૬**

**આંક : ૧૩**

**<u>ફરીયાદી</u> :–** શ્રી સરકાર

**– : : વિરૂધ્ધ : : –**

**<u>આરોપી</u> :–** અબ્દુલ રહેમાન અબ્દુલરહીમ પરમાર(મુસ્લીમ), ઉ.વ.૨૮,
રહે : જુમ્મા મસ્જીદ સામે, સમી, તા.સમી, જી.પાટણ.

**ગુનો : – બી.એન.એસ.ની કલમ : ૨૮૫ મુજબ.**

// ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ //

// આરોપી નં.૧ તરફે વિ.વ.શ્રી એસ.એન.કાઝી //

**ઠ રા વ**

**(૧)** હાલના કામે ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદાર તા.૧૧/૧૦/૨૦૨૫ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. રજી.નં.જી.જે.૦૨.ડી.જી.૨૧૦૪ વાળી લઇને મોજે સમી બસ સ્ટેશન પાસે સમી ગામની અંદર તરફ જવાના જાહેર રસ્તા ઉપર આવતાં જતાં વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે ભયજનક સ્થીતીમાં ઉભી રાખી પકડાઇ ગયેલ હોય બી.એન.એસ.ની કલમ : ૨૮૫ મુજબનો ગુનો કરેલ હોવા અંગેની ફરીયાદીની ફરીયાદ આધારે સમી પોલીસ સ્ટેશન પ્રથમ ગુના રજીસ્ટ્રેશન નંબર ૧૧૨૧૭૦૨૯૨૫૦૬૩૬/૨૦૨૫ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ સદરહું ગુના અંગેનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

**(૨)** આ કામે ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીઓને સમન્સ કાઢવામાં આવતા, તેઓ અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, બી. એન. એસ.એસ.ની કલમ –૨૩૦ અન્વયે આરોપીઓને તેમની સામેના કેસના પોલીસ પેપર્સની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે આંક–૩ થી આરોપીનો જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે. તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

– : : મૌખિક પુરાવા : : –

| ક્રમ નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ અબ્દુલમજીદ રહીમભાઇ સૈયદની જુબાની | ૦૬ |
| ૨ | પંચ સાહેદ દશરથભાઇ વેલાભાઇ ઠાકોરની જુબાની | ૦૮ |
| ૩ | ફરીયાદીશ્રી ભરતભાઇ હરજીભાઇ નાણેચાની જુબાની | ૦૯ |

## – : : દસ્તાવેજી પુરાવાઓ : : –

| ક્રમ નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | અંગ ઝડતીનું પંચનામું | ૦૭ |

(૪) આ કામે પુરાવો લીધા બાદ આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં આરોપીઓએ ફરિયાદ પક્ષના કેસનો ઈન્કાર કરી પોતે નિર્દોષ હોવાનું અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ કરેલ હોવાનું જણાવેલ છે અને બચાવપક્ષે પોતાના કોઈ સાહેદો તપાસવા કે જાતે સાહેદ તરીકે પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે. ત્યારબાદ સદર કામે ફરિયાદ પક્ષ તરફે એ.પી.પી.શ્રી એમ.જી.કોરોટ અને આરોપી તરફે તેમના વિ.વ.શ્રી વી.ડી.ઠાકોરની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે એ સાબિત કરે છે કે,આ કામના તહોમતદાર તા.૧૧/૧૦/૨૦૨૫ ના કલાક ૧૧:૦૦ વાગ્યે પોતાનું હીરો કંપનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ જેનો આર.ટી.ઓ. રજી.નં.જી.જે.૦૨.ડી.જી.૨૧૦૪ વાળી લઇને મોજે સમી બસ સ્ટેશન પાસે સમી ગામની અંદર તરફ જવાના જાહેર રસ્તા ઉપર આવતાં જતાં વાહનો તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે ભયજનક સ્થીતીમાં ઉભી રાખી પકડાઇ જઇ બી.એન.એસ.ની કલમ–: ૨૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

**(૭)** ઉપરોકત મુદ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે : –

**<u>– : : કા ર ણો : : –</u>**

**મુદ્દા નં.૧ : :–**

**(૭.૧)** આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ અબ્દુલમજીદ રહીમભાઇ સૈયદને આંક–૦૬થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ચારેક માસ પહેલા તેઓ સમી ઉભા હતા ત્યારે જમાદારનો ફોન આવેલ અને તેમને તેઓએ તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી.પોલીસે તેમની રૂબરૂ કોઇ ઇસમની અંગ ઝડતી કરેલ હોય તેવું કંઇ બનેલ નથી. પંચનામું વાંચી સંભળાવતા તેઓએ કાંઇ આવું લખાવેલ નથી. પંચનમાની ઝેરોક્ષ નકલ બાવતાં જણાવે છે કે, તેમાં તેમની પંચ નં.૧ તરીકે સહી છે. જે પંચનામું આ કામે આંક–૦૭ થી રજુ છે.

ઉપરોકત પંચ સાહેદને એ.પી.પી.શ્રી એ ફરી ગયેલા જાહેર કરેલ છે. આરોપીઓ તરફેની ઉલટતપાસ જોતા, એ વાત કબુલ કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહીઓ લીધેલી, તે સીવાય તેઓ કાંઇ જાણતા નથી.

(૮) આ કામે ફરીયાદ પક્ષ તરફે પંચ સાહેદ દશરથભાઇ વેલાભાઇ ઠાકોરને આંક–૦૮થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ચારેક માસ પહેલા તેઓ સમી ઉભા હતા ત્યારે જમાદારનો ફોન આવેલ અને તેમને તેઓએ તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી.પોલીસે તેમની રૂબરૂ કોઇ ઇસમની અંગ ઝડતી કરેલ હોય તેવું કંઇ બનેલ નથી. પંચનામું વાંચી સંભળાવતા તેઓએ કાંઇ આવું લખાવેલ નથી. તેમને આંક–૦૭ વાળા પંચનમાની ઝેરોક્ષ નકલ બાવતાં જણાવે છે કે, તેમાં તેમની પંચ નં.૨ તરીકે સહી છે.

ઉપરોકત પંચ સાહેદને એ.પી.પી.શ્રી એ ફરી ગયેલા જાહેર કરેલ છે.

આરોપીઓ તરફેની ઉલટતપાસ જોતા, એ વાત કબુલ કરેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહીઓ લીધેલી, તે સીવાય તેઓ કાંઇ જાણતા નથી.

(૯) આ કામે ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી ભરતભાઈ હરજીભાઇ નાણેચાને આંક–૦૯ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૧૦/૨૦૨૫ ના રોજ તેઓ તેમજ મહેન્દ્રભાઈ મમુંભાઈ સમી બસ સ્ટેન્ડ પાસે વાહન ચેકીંગમાં હતા તે દરમ્યાન બાઈક નંબર જી.જે.૦૨ ડી.જી.૨૧૦૪ રાહદારીઓને અડચણ થાય તે રીતે પડેલ હોય જેથી બાજુમાં ઉભેલા વ્યકતીએ પોતાનુ હોવાનુ જણાવેલ અને તેને પંચો રૂબરૂ પુછતા વાહન બાબતે કોઈ ખુલાસો કરેલ નહી તેથી પંચો રૂબરૂ તેનુ નામઠામ પુછતા અબ્દુલરહેમાન અબ્દુલરહીમ હોવાનુ જણાવેલ, જે લગતનું પંચનામુ કરી ગુનો બનતો હોય વાહન કબજે લઈ પરત કરેલુ, આરોપીને નોટીસ આપી મુકત કરેલા, જાહેર રસ્તા પર અડચણ કરેલ હોય બી.એન.એસ.૨૮૫ મુજબની મહેન્દજી એ ફરીયાદ આપેલી જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખે છે. જે આ કામે આંક–૧૦, આંક–૭ ના પંચનામાંમાં તેમની અને પંચોની સહી છે.પી.એસ.ઓ એ ગુનો નોધી આગળની તપાસ તેમને આપતા તેઓએ ચાર્જસીટ કરેલુ.આરોપીને જોચે થી ઓળખતા હોવાનું જણાવેલ.

સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પંચનામા માં ટ્રાફીક થચેલ હોય તેવી કોઈ હકીકત નું વર્ણન કરેલ નથી, આ વાહન ની અડચણ થચેલ હોય તેવુ પણ બનેલ નથી.

(૧૦) ફોજદારી કેસમાં ફરિયાદ પક્ષે પોતાનો કેસ વ્યાજબી શંકારહીત પુરવાર કરવાનો રહે છે ત્યારે ફરિયાદ પક્ષે આરોપી વિરુધ્ધ મુખ્યત્વે આક્ષેપિત ગુના અંગેની ફરિયાદ આપવામાં આવેલ હોવાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે હાલના કેસમાં ફરિયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં મૌખિક પુરાવો રજુ કરેલ છે. જે પુરાવાનું

મુલ્યાંકન નીચે મુજબ છે.

**(૧૧)** ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને તથા વંચાણે લેતાં તેમજ સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ રઈજીભાઈ ચતુરભાઈ, ૧૯૬૦ જી.એલ.આર.૭૭ ના કેસમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ સાહેદ ફરિયાદ પક્ષને સમર્થન આપતા ના હોય અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખીને સજા કરી શકાય નહી. આ સંજોગોમાં પંચનામાને પંચ સાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થતું નથી. જેથી આરોપીને તેનો લાભ મળવા પાત્ર છે. વધુમાં, ફરીયાદીની ફરીયાદ જોતા આરોપીએ બાઇક રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે પડેલ છે તેમ જણાવેલ પરંતુ તેઓની ઉલટ તપાસમાં તેઓના પંચનામામાં તે જગ્યાએ ટ્રાફીક હોય તથા તે વાહન અડચણરૂપ પણ બનેલ છે તેવી હકીકતને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષના પુરાવાના વિરોધાભાસને કારણે ફરીયાદ પક્ષના કેસ પરત્વે શંકા ઉત્પન્ન થાય છે અને પુરાવાની જોગવાઇઓ મુજબ ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકા રહિત સાબિત કરવાનો હોય છે અને આરોપી પોતે નિર્દોષ છે તે પુરવાર કરવાનું નથી અને જયાં શંકા જાય તેમ હોય ત્યાં આરોપીને લાભ મળવાપાત્ર છે તે ધ્યાને લેતા ફરીયાદ પક્ષ પોતાના કેસની હકીકતો શંકા રહીત પુરવાર કરી શકેલ ન હોઇ ફરીયાદ પક્ષ મુદ્દા નં.૧ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઇ જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## – – : : આખરી હુકમ : : – –

(૧) બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે આ કામના આરોપી અબ્દુલ રહેમાન અબ્દુલરહીમ પરમાર(મુસ્લીમ), ઉ.વ.૨૮,રહે : જુમ્મા મસ્જીદ સામે, સમી, તા.સમી, જી.પાટણવાળાઓને બી.એન.એસ.ની કલમ : ૨૮૫ મુજબ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી

શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપીના બી.એન.એસ.એસની કલમ–૪૮૧(એ) મુજબના અપીલ સમય સુધી અગાઉના જામીન ચાલુ રાખવામાં આવેલ છે.

આ હુકમ આજરોજ તા.**૧૬મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૧૬/૦૩/૨૦૨૬** **(વિજયકુમાર મુળજીભાઈ વણકર)**

**સ્થળ : સમી.** **એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**

**સમી.**

BJV **UIC No.GJ** 01161